મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૦-૧૦-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૭૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧



ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો



કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367





## મહેસાણામાં ઉત્તર ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# વડાપ્રધાને આપેલા વોકલ ફોર લોકલ-લોકલ ફોર ગ્લોબલ અને આત્મનિર્ભર ભારતનો ધ્યેય રિજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ પાર પાડશે : CM ભૂપેન્દ્ર પટેલ

**સ્વદેશી ઉત્પાદનોના વેગ સાથે સ્થાનિક ઉદ્યોગો અને રાજ્યના વિવિધ પ્રદેશોની ક્ષમતા વૈશ્વિકસ્તરે ઉજાગર થશે**

**વડાપ્રધાને વાઇબ્રન્ટ સમિટથી બનાવેલું 'ગ્લોબલ ગેટ વે ટુ ધ ફ્યુચર' ગુજરાત ૬૮.૯ બિલિયન ડોલર એફડીઆઈ તથા ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકાના યોગદાન સાથે દેશમાં અગ્રેસર**

**વાઇબ્રન્ટ સમિટ ૨૦૨૪માં ઉત્તર ગુજરાત માટે થયેલા એમઓયુના ૭૨ ટકા પ્રોજેક્ટ કમિશન્ડ થઈ ગયા**

**વાઇબ્રન્ટ સમિટ થકી રાજ્યના એમએસએમઈને વેગ મળ્યો - ૨૭ લાખ એમએસએમઈ કાર્યરત થયા**









(ગરવી તાકાત) મહેસાણા તા.૮

ઉત્તર ગુજરાત માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ મહેસાણાની ગણપત યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું છે. બાદ જાન્યુઆરી ૨૬માં રાજકોટ યોજાશે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારોહ પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે મહેસાણામાં આયોજિત ફર્ઈઝમાં ટ્રેડ શો અને એક્ઝિબિશન ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ અવસરે નાણામંત્રી કનુભાઈ પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત ઉપસ્થિત રહ્યા હતા કેન્દ્રીય મંત્રી મુખ્યમંત્રી તેમજ અન્ય મહાનુભાવો ફર્ઈઝ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જ્યાં વિવિધ ક્ષેત્રોની અત્યાધુનિક નવીનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, MSMEs, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, મોટી કંપનીઓ, સરકારી વિભાગો, PSUs અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવવાનો પ્રયાસ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લગભગ ૧૮ હજાર વર્ગ મીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યાં છે.

આ સિવાય ટોરેન્ટ, વેલ્સ્પન, NHPC, NTPC, કોસોલ, સુઝલોન, અવાડા, નિરમા, ઈંગઘડ, અદાણી, મારુતિ સુઝુકી, પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ અને ONGC જેવી અગ્રણી કોર્પોરેટ કંપનીઓ પણ જોડાઈ છે.

આ ઉપરાંત પ્રદર્શનના ભાગરૂપે, દૂધસાગર ડેરી, ONGC, વેસ્ટર્ન રેલ્વે અને મકેન ફૂડ્સ જેવી સંસ્થાઓ સાથે વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (VDP)નું આયોજન કરવામાં આવશે, જેનો હેતુ ઉદ્યોગ જોડાણોને મજબૂત બનાવવા અને સ્થાનિક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ની ભાવના સાથે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સ્થાનિક ઉદ્યોગસાહસિકતા, ગ્રામ્ય સ્તરે નવીનતા અને સામુદાયિક વિકાસની શકિતનો ઉત્સવ મનાવશે. આ આયોજન ક્ષેત્રીય સશક્તિકરણ, વૈશ્વિક સહયોગ અને ટકાઉ પ્રગતિને નવી ઊર્જા આપશે જેનાથી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં વધુ મજબૂતી આવશે.

આ ટ્રેડ શો અને એક્ઝિબિશન ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા, એનર્જી વિભાગના એસીએસ હૈદર, વિવિધ વિભાગોના સચિવઓ જિલ્લા કલેકટર એસ.કે પ્રજાપતિ, તેમજ તેમજ રાજ્ય સરકારના વિભાગના અધિકારીઓ/ પદાધિકારીઓ તેમજ ઉદ્યોગપતિઓ અને રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા.






## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના છ આર્થિક પ્રદેશો માટેના 'પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન'નું અનાવરણ કર્યું

# ગુજરાતના પ્રાદેશિક આર્થિક વિકાસથી, 'વિકસિત ગુજરાત, વિકસિત ભારત' સાકાર કરવાની માટેની મુખ્યમંત્રીની નેમ

(ગરવી તાકાત) મહેસાણા તા.૮

ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવવાના અને વિકસિત ભારત જ ૨૦૪૭ના વિઝનમાં અગ્રેસર રહેવાના મક્કમ નિર્ધાર સાથે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' શ્રેણીની પ્રથમ કોન્ફરન્સમાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે તૈયાર કરાયેલા પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન (રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન)નું અનાવરણ અને લોકાર્પણ કર્યું છે. ગુજરાતના ઐતિહાસિક અને



આર્થિક દ્રષ્ટિકોણથી મહત્વના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયા છે. આ પ્રદેશોમાં ઉત્તર ગુજરાત, કચ્છ, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કોસ્ટલ સૌરાષ્ટ્ર અને સુરતનો સમાવેશ થાય છે. આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલિયન ડૉલર (નાણાકીય વર્ષ ૨૦૨૩)ના કદથી વધારીને ૩.૫ ટ્રિલિયન ડૉલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે.આ છ પ્રાદેશિક માસ્ટર પ્લાન હેઠળ ૫૦૦ થી વધુ પ્રોજેક્ટ્સમાં ૧૫ લાખ કરોડ (US $ ૨૦૦ બિલિયનથી વધુ) થી વધુના જાહેર અને ખાનગી મૂડીરોકાણનું આયોજન કરવામાં આવ્યું છે.

આર્થિક વૃદ્ધિનો લાભ યુવાનોને મળે તે સુનિશ્ચિત કરવા માટે, દરેક પ્રદેશમાં ઉદ્યોગના સહયોગથી રિજનલ સ્કિલિંગ સેન્ટર્સ અને સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (ગ્રીન સ્કિલ્સ, બ્લુ ઈકોનોમી, લોજિસ્ટિક્સ, AI એકેડેમી, વગેરે) સ્થાપિત કરાશે. આ યોજનાઓ અને આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યના યુવાનો માટે અંદાજિત ૨૮૦ લાખ નવા રોજગારીના અવસરો ઉપલબ્ધ થશે.આ વિકાસ યોજનાના મૂળમાં સુદ્રઢ માળખાગત સુવિધાઓનો વિકાસ છે. આગામી ૨૨ વર્ષમાં, કોસ્ટલ રેલવે, હાઈ-સ્પીડ આંતર-રાજ્ય રેલ કોરિડોર અને સી-લિંક પ્રોજેક્ટ્સનો અમલ થશે, એરપોર્ટનું વિસ્તરણ થશે અને કાર્યક્ષમ લોજિસ્ટિક્સ માટે નવા કાર્ગો ટર્મિનલ અને કોલ્ડ ચેઈન સ્થાપિત કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ઓફ ટ્રાન્સફોર્મેશન (GRIT)ની કચેરીનું ઉદ્ઘાટન ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે કર્યુંહતું. રાજ્યના પ્રાદેશિક ધોરણે આર્થિક વિકાસ થકી વિકસિત ગુજરાતના વિઝનને સાકાર કરવા માટે ગ્રીટ 'થિંક ટેક' તરીકે કાર્યરત છે.




# બિહાર ચૂંટણી મેદાનમાં, તારીખો જાહેર

બિહારમાં મતદાનની તારીખોની જાહેરાતની રાહ પૂરી થઈ ગઈ છે. ચૂંટણી પંચે બે તબક્કામાં ચૂંટણીઓ યોજવાનો નિર્ણય લીધો છે, જે એક છેલ્લી વખત કરતા ઓછી છે. આ ચૂંટણી પંચની તાકાત તેમજ બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો દર્શાવે છે. એક સમય હતો જ્યારે કાયદો અને વ્યવસ્થાના પડકારોને કારણે બિહારમાં ચૂંટણીઓ અનેક તબક્કામાં યોજવી પડતી હતી.

હવે, ફક્ત બંગાળ જ એવું રાજ્ય રહ્યું છે જ્યાં કાયદા અને વ્યવસ્થાના નબળા હોવાને કારણે અનેક તબક્કામાં મતદાન કરાવવું પડે છે. બિહારમાં મતદાનની તારીખો જાહેર થઈ હોવા છતાં, વિધાનસભાની ચૂંટણીઓ છેલ્લા કેટલાક સમયથી રાજકીય પક્ષોની ગતિવિધિઓના કેન્દ્રમાં રહી છે.

બિહારમાં કયો પક્ષ સત્તા જાળવી રાખશે તે ૧૪ નવેમ્બર, ચૂંટણી પરિણામોના દિવસે જ જાણી શકાશે. પરંતુ એ ચોક્કસ છે કે આ વખતે, અન્ય મુદ્દાઓની સાથે, મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણાને પણ ચૂંટણી મુદ્દો બનાવવામાં આવશે. તે સ્પષ્ટ છે કે આ મુદ્દો બનાવવા માટે વિરોધ પક્ષો જવાબદાર રહેશે.

તેથી, ચૂંટણી પરિણામો જાહેર કરશે કે રાજકીય પક્ષોની જીત કે હાર ઉપરાંત, એસઆઈઆર પ્રક્રિયા વિશે ઉઠાવવામાં આવેલા પ્રશ્નો કેટલા વાજબી હતા અને ઉઠાવવામાં આવેલા પ્રશ્નો સાચા હતા કે નહીં.

બિહારના પછાતપણાની સતત ચર્ચા થતી હોવાથી, તે સ્વાભાવિક છે કે રાજ્યનો વિકાસ પણ શાસક અને વિરોધ પક્ષો વચ્ચે એક મુખ્ય ચૂંટણી મુદ્દો બનશે. જોકે બિહારે ગરીબીના સમયગાળાને પાર કર્યો છે અને છેલ્લા ૨૦ વર્ષમાં અહીંની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે, એ નોંધવું જોઈએ કે જનતા કરવામાં આવેલા વિકાસ કાર્યો અને ઉપલબ્ધ સુવિધાઓથી સંતુષ્ટ નથી.

તેઓ વધુ ઈચ્છે છે. આ માનવ સ્વભાવ છે. કોઈપણ ગઠબંધન જે આ ઈચ્છા પૂરી કરવામાં સક્ષમ દેખાય છે તેને તેનો માર્ગ સરળ મળશે, પરંતુ જો લોકો જાતિ અને સમુદાયના રાજકારણના પ્રભાવ હેઠળ મતદાન કરવાનું ટાળે તો જ. જો બિહારનો ઝડપથી વિકાસ કરવો હોય અને તેની બાકી રહેલી સમસ્યાઓ દૂર કરવી હોય, તો અહીંના મતદારોએ જાતિ અને ધર્મથી ઉપર ઉઠીને મતદાન કરવું જોઈએ.

તેઓ જાતિ આધારિત રાજકારણ કરનારાઓને નિરુત્સાહિત કરીને જ આ કરી શકશે. રાજકીય પક્ષોએ પણ આમાં ભૂમિકા ભજવવી જોઈએ. તેમણે સક્ષમ ઉમેદવારો ઉભા રાખવા જોઈએ.

આ સરળ નથી, કારણ કે તેઓ સામાન્ય રીતે ઉમેદવારોની પસંદગી કરતી વખતે તેમની જાતિના આધારે ઉમેદવારોને પ્રાથમિકતા આપે છે, કારણ કે સરેરાશ મતદાતા તેમની પોતાની જાતિ અને સમુદાયના સભ્યોને મત આપવાની વૃત્તિ ધરાવે છે. બિહારના લોકોએ આ વલણ છોડી દેવું જોઈએ. આ તેમના શ્રેષ્ઠ હિતમાં છે, બિહારના અને ભારતીય લોકશાહીના શ્રેષ્ઠ હિતમાં છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન નહીં, બંને પક્ષો સ્વતંત્ર રીતે લડશે

અમદાવાદ,તા.૯

ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન નહીં, બંને પક્ષો સ્વતંત્ર રીતે લડશે. રાજ્યની નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણીઓ માટે કોંગ્રેસે આપને મોટો ઝટકો આપ્યો છે. જેમાં દરેક પક્ષ પોતપોતાની રણનીતિ મુજબ તૈયારી કરશે. ગુજરાતના રાજકીય માહોલમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે કોંગ્રેસે આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન ન કરવાની જાહેરાત કરી છે.




પક્ષના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું છે કે કોંગ્રેસ હવે રાજ્યમાં પોતાની સ્વતંત્ર રાજકીય ઓળખ મજબૂત બનાવવા ઈચ્છે છે અને કોઈપણ પ્રકારના ગઠબંધનથી દૂર રહેવાનું નક્કી કર્યું છે. આ નિર્ણયથી સ્પષ્ટ થયું છે કે સ્થાનિક સ્તરે પક્ષ પોતાનાં બળે જ ચૂંટણી લડશે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું છે કે અગાઉની ચૂંટણીઓમાં અન્ય પક્ષો સાથે ગઠબંધનથી અપેક્ષિત પરિણામ મળ્યાં ન હતાં, તેથી હવે પક્ષ પોતાના સંગઠન અને મતદાતાઓ વચ્ચે વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા ઈચ્છે છે. રાજ્યભરમાં પક્ષ દ્વારા ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા પણ ઝડપથી શરૂ કરવામાં આવશે.

બીજી તરફ, આપ માટે આ નિર્ણય મોટો રાજકીય પડકાર છે, કારણ કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તે કોંગ્રેસના મતદારોને મોટાપાયે ખેંચી શકી હતી, પરંતુ હવે સ્થાનિક ચૂંટણીઓમાં તે પોતાનાં બળે જ ટક્કર આપશે. રાજકીય વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં ત્રિપક્ષીય ટક્કર સર્જાવાની સંભાવના છે.

ભાજપ સામે કોંગ્રેસ અને આપ બંને અલગ અલગ મોરચા પર મેદાનમાં ઉતરશે. આગામી મહિનાઓમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીઓમાં દરેક પક્ષ માટે પોતાની સંગઠન શક્તિ અને જનસમર્થન પરખાવાનો સમય હશે. હાલના પરિસ્થિતિ મુજબ કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે હવે કોઈ પણ ગઠબંધનની જગ્યાએ પોતાની સ્વતંત્ર રાજકીય લાઈન પર આગળ વધશે.

### ડિજિટલ ધરપકડની અલગ અલગ ૯ પીડિતોની ફરિયાદોને પગલે

# ગુજરાત સહિત આ ૬ રાજ્યોમાં CBI ના ધામા, ડિજિટલ એરેસ્ટના કિસ્સાઓમાં દરોડાનો દૌર

### ડિજિટલ એરેસ્ટના કિસ્સામાં કમ્બોડિયા કનેકશન બહાર આવ્યું : આશરે ૪૦ લોકોની ઓળખ કરાઈ

નવીદિલ્હી,તા.૯

ડિજિટલ એરેસ્ટને લઈને સીબીઆઈએ ગુજરાત સહિત ૬ રાજયોમાં દરોડા પાડયા છે. રાજયમાં ડિજિટલ એરેસ્ટનું કમ્બોડિયામાં કનેકશન ખુલ્યું છે. CBI ને સ્થાનિક લોકોની સંડોવણી હોવાના પુરાવા મળી આવ્યા છે.

આ ઉપરાંત તપાસમાં ૧૫,૦૦૦ IP એડ્રેસ અને કંબોડિયા નેશન બહાર આવ્યુ છે. CBI એ આઠ આરોપીઓની બે દિવસ પહેલા ધરપકડ કરી હતી. ત્યારબાદ ગુજરાત, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, કેરળ અને પશ્ચિમ બંગાળમાં કુલ ૪૦ જેટલી જગ્યા પર દરોડા પાડ્યા હતા.

CBI એ ડિજિટલ ધરપકડના નવ અલગ અલગ પીડિતો પાસેથી NCRP પોર્ટલ પર મળેલી ફરિયાદના આધારે એક વ્યાપક ફરિયાદ નોંધી હતી. ત્યારબાદ CBIએ પીડિતનો સંપર્ક કરવા માટે ઉપયોગમાં લેવાતા બેનામી ખાતાઓ અને ટેલિકોમ્યુનિકેશન ચેનલો બંને પર ધ્યાન કેન્દ્રિત કરીને તપાસ હાથ ધરી હતી. જેમાં ડિજિટલ ધરપકડ છેતરપિંડી આચરનારા સંગઠિત સાયબર-ક્રાઈમ નેટવર્કનો ભાગ રહેલા આશરે ૪૦ વ્યક્તિઓની ઓળખાયા હતા.

આ કાર્યવાહી દરમિયાન CBIએ એક વ્યાપક સ્થાનિક સુવિધા નેટવર્ક શોધી કાઢ્યું છે જે ગુનામાંથી મળેલા ભંડોળના સ્તરીકરણ અને હિલચાલ માટે બેનામી બેંક ખાતાઓ પૂરા પાડવામાં અને સમાંતર હવાલા ચેનલોને સક્ષમ કરવામાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે.

તપાસમાં સામે આવ્યુ હતુ કે, નાણાંનો એક ભાગ ભારતમાં ઉપાડવામાં આવ્યો હતો અને બાકીના વિદેશમાં મોકલવામાં આવ્યા છે, જે પછી વિદેશી ATM માંથી ઉપાડવામાં આવ્યા હતા. CBI દ્વારા આશરે ૧૫,૦૦૦ થી વધુ IP સરનામાંઓના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ડિજિટલ ધરપકડ છેતરપિંડીના ગુનેગાર કંબોડિયા સહિત વિદેશી સ્થળોએથી તેની કામગીરી ચલાવી રહ્યા હતા.

ડિજિટલ એરેસ્ટ થયેલા પાસેથી વસુલવામાં આવતા નાણાં નેટવર્ક સંકલિત બેનામી ખાતાઓ અને મની ટ્રાન્સર એજન્ટો દ્વારા ટ્રાન્સફર કરીને હવાલા પાડવામાં આવતા હતા. સીબીઆઈ દ્વારા ફિનટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને હાઈ-સ્પીડ મની મૂવમેન્ટ હાથ ધરવામાં આવ્યું હતું.સીબીઆઈને ગુજરાત સહિત ૪૦ જગ્યાએ સર્ચ ઓપરેશન દરમિયાન મળેલા ડિજિટલ ડિવાઈસ, કે.વાય.સી. ડોક્યુમેન્ટ, સિમ કાર્ડ અને વોટ્સએપ કોમ્યુનિકેશન આર્કાઈવ્સની તપાસ સ્થાનિક સુવિધા આપનારાઓ અને મુખ્ય કાવતરાખોરો વચ્ચે એન્ડ-ટુ-એન્ડ લિંક્સ સ્થાપિત કરવા અને ગુનામાં ઉપયોગમાં લેવાતા મોડસ ઓપરેન્ડી, નાણાકીય ટ્રેલ્સ અને કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નકશો બનાવવા માટે કરવામાં આવી રહી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

**વૃષભ:** આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. બપોરથી સાંજ સુધીમાં થોડી સમસ્યા આવી શકે છે, સાવચેત રહો.

**મિથુન:** ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

**કર્ક:** આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

**સિંહ:** આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

**કન્યા:** આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

**તુલા:** આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

**વૃશ્ચિક:** આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

**ધન:** આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

**મકર:** આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

**કુંભ:** આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

**મીન:** આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

## ફિલ્મી ગપશપ

### ગોવિંદા ૬૧ વર્ષની ઉંમરે બોલિવૂડમાં કમબેક કરશે

### ગોવિંદાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં ગોવિંદાએ પોતાનાં કમબેક વિશે ચાહકોને મોટો સંકેત આપ્યો



બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના ૯૦ના દાયકાના જાણીતાં અભિનેતા ગોવિંદાને આજે પણ કરોડો લોકો પસંદ કરે છે. આ દિવસોમાં અભિનેતા ફિલ્મ જગતથી ઘણો દૂર છે. ગોવિંદા આજકાલ પોતાની પર્સનલ લાઈફને લઈને હેડલાઈન્સમાં છે.

થોડા સમય પહેલાં ગોવિંદા અને તેની પત્ની સુનિતા આહુજાના છૂટાછેડાની વાતો વહેતી થઇ હતી. આ અહેવાલોએ ગોવિંદાના ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધાં હતાં. પરંતુ થોડા સમય પછી આ અહેવાલો સંપૂર્ણપણે નકલી સાબિત થયા હતાં.

આ બધાની વચ્ચે, અભિનેતાએ ફિલ્મ જગતમાં તેની વાપસી વિશે એક મોટું અપડેટ શેર કર્યું છે. ગોવિંદા તેનાં સોશિયલ મીડિયા એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ માટે ચર્ચામાં આવ્યો છે. ગોવિંદાએ પોતાનાં ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં અભિનેતાએ પોતાની તસવીર ફેન્સ સાથે શેર કરી છે. આ તસવીરની સાથે ગોવિંદાએ એક રમુજી કેપ્શન પણ લખ્યું હતું.

તસવીર શેર કરતા ગોવિંદાએ કેપ્શનમાં લખ્યું, 'નવી ઈનિંગ્સ માટે બધાં તૈયાર છે.' કેપ્શન વાંચતાં જ લોકોની ખુશી સાતમા આસમાન પર પહોંચી ગઈ. આ પોસ્ટ આવ્યાં બાદ ગોવિંદાને લઈને મીડિયામાં જુદા જુદા અહેવાલો આવી રહ્યાં છે અને બોલિવૂડમાં તેની વાપસીના અહેવાલો આવી રહ્યાં છે.

ગોવિંદાના ચાહકો આ પોસ્ટ પર જોરદાર કોમેન્ટ કરી રહ્યાં છે. એક યુઝરે ટિપ્પણી કરી, 'અમે નવી ફિલ્મની રાહ જોઈ રહ્યાં છીએ સર.' અન્ય એક યુઝરે લખ્યું, 'સર, તમે ફિલ્મ બનાવો છો, તમારી ફિલ્મો શાનદાર હોય છે. ગોવિંદાની પોસ્ટ પર દરેક જણ ઘણો પ્રેમ વરસાવી રહ્યાં છે.

અભિનેતા ગોવિંદાની આ પોસ્ટ જોયા બાદ દરેક વ્યક્તિ તેની વાપસીની રાહ જોઈ રહ્યા છે. ગોવિંદા છેલ્લે વર્ષ ૨૦૧૯ માં ફિલ્મ 'રંગીલા રાજા'માં જોવા મળ્યાં હતાં. આ ફિલ્મમાં ગોવિંદાએ ડબલ રોલ કર્યો હતો. આ ફિલ્મમાં ગોવિંદાની સાથે સાથે શક્તિ કપૂર, પ્રેમ ચોપરા જેવા સ્ટાર્સ પણ જોવા મળ્યાં હતાં. તે જ સમયે, ચાહકો ગોવિંદાની આગામી ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

### ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રથમ દિવસે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે પ્રેસ કોન્ફરન્સ સંબોધી

# ઉત્તર ગુજરાતના કૃષિ સંબંધિત ઉદ્યોગો અને વેલ્યુ એડિસન આધારિત ઉદ્યોગોને આ કોન્ફરન્સ દ્વારા વેગ મળશે : બલવંતસિંહ રાજપૂત

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

મહેસાણા જિલ્લાની ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે યોજાઇ રહેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંગે મીડિયાના માધ્યમથી વિગતો પૂરી પાડતા ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આજે વટવૃક્ષ બનીને વૈશ્વિક રોકાણોને રાજ્યમાં લાવવામાં મહત્વની ઈવેન્ટ સાબિત થઈ છે.

ઉદ્યોગમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંગે વાત કરતા કહ્યું હતું કે રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગત વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ૨૬૦૦થી વધુ એમઓયુ અને ૪૫,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થયું હતું એમ જણાવીને મંત્રીશ્રીએ કહ્યું હતું કે આ વર્ષે પ્રાદેશિક સ્તરે ઝોનવાઈઝ અને જિલ્લા વાઈઝ આયોજનો થકી રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કરાયું છે.



શ્રી રાજપૂતે ઉમેર્યું હતું કે આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યના કેબિનેટ અને રાજ્ય મંત્રીશ્રીઓ, વિવિધ દેશોના રાજદૂતો અને હાઈ કમિશનર સહિત જાણીતા ઉદ્યોગકારોની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો છે. તેમણે આ પ્રસંગે યોજાયેલા ટ્રેડ શો અને પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું છે. પાંચ દિવસ સુધી ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાંથી ઉદ્યોગપતિઓ, નાના મોટા વેપારીઓ, વિવિધ એસોસિએશન અને માર્કેટયાર્ડ સાથે સંકળાયેલા લોકો કોલેજના વિદ્યાર્થીઓ સહિત અનેક લોકો આ પ્રદર્શનની મુલાકાત લેશે એમ તેમણે જણાવ્યું હતું.

વધુ વિગતો પૂરી પાડતા શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે લગભગ ૧૮ હજાર વર્ગ મીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શૉનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યાં છે. ઉદ્ઘાટન સમારોહમાં જ ૧૯થી વધુ એમઓયુ થયા છે. બે દિવસ દરમિયાન ૫૦થી વધુ સેમિનાર યોજાશે અને સેમિનાર દરમિયાન પણ વિવિધ એમઓયુ થશે.

રેલવે ક્ષેત્રમાં પણ મહત્વના ૩૦થી વધુ પ્રોજેક્ટ રાજ્યમાં ચાલી રહ્યા છે. જ્યારે ૩૧થી વધુ પ્રોજેક્ટનો સર્વે ચાલુ છે અને બુલેટ ટ્રેનની કામગીરી પણ પ્રગતિમાં છે. ઉત્તર ગુજરાતમાં બહુચરાજીથી કડી સુધી રેલવે લાઈનના વિસ્તાર અંગે પણ તેમણે વિગતો આપી હતી.

રિજનલ કોન્ફરન્સીસ અંગે વાત કરતા ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રિજનલ કોન્ફરન્સીસ દ્વારા અમે રાજ્યના ક્ષેત્રોની ઔદ્યોગિક અને આર્થિક તાકાત, રોકાણ માટેની તૈયારીઓ દર્શાવવાની સાથેસાથે ઉદ્યોગકારો, યુવા ઉદ્યોગસાહસિકો, લોકલ લીડરશિપ અને નાગરિકોની આકાંક્ષાઓને વેગ આપવાની સાથે વિકાસ સ્થાનિક સ્તરે પહોંચાડવા માંગીએ છીએ. બે દિવસની આ રિજનલ કોન્ફરન્સમાં સારું રોકાણ આવવાની સંભાવના છે તથા વધુમાં વધુ રોજગારીની તકો ઉભી થશે. ઉત્તર ગુજરાતના કૃષિ સંબંધિત ઉદ્યોગો અને વેલ્યુ એડિસન આધારિત ઉદ્યોગોને આ કોન્ફરન્સ દ્વારા વેગ મળશે એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ આયાત ઘટાડવા તથા લોજિસ્ટિક કોસ્ટ ઘટાડવાના આયોજનો પ્રત્યે ધ્યાન આપીને સ્વદેશી અપનાવવા અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મહેસાણા બાદ રાજકોટ, સુરત અને વડોદરામાં પણ આગામી સમયમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ(VGRC)નું આયોજન કરવામાં આવનાર છે.

પ્રેસ બ્રિફિંગમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ શ્રીમતી મમતા વર્મા, ઉદ્યોગ કમિશ્નર શ્રી પી. સ્વરૂપ, INDEXTBના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.સી. સંપત ઉપસ્થિત રહ્યા હતા.

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) - ઉત્તર ગુજરાત

# 'ઓફશોર એન્ડ ઓનશોર વિન્ડ : અનલોકિંગ ધ અનટેપ્ડ પોટેન્શિયલ' પર પેનલ ડિસ્કશન યોજાઈ

### ગુજરાતના પવન ઊર્જાનાં વિશાળ ક્ષેત્રો ઉજાગર કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

વિકસિત ગુજરાતના સંકલ્પને વેગ આપવા અને રાજ્યને ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમનું કેન્દ્ર બનાવવાના ઉદ્દેશ્ય સાથે મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે આયોજિત બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ના પ્રથમ દિવસે "Onshore & Offshore Wind: Unlocking the Untapped POential" શીર્ષક હેઠળ એક મહત્ત્વપૂર્ણ પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચર્ચામાં ગુજરાતના દરિયાકાંઠા અને જમીન એમ બંને વિસ્તારોમાં રહેલી પવન ઊર્જાની અખૂટ સંભાવનાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.સ્વાગત પ્રવચનથી ચર્ચા સત્રની શરૂઆત બાદ 'ઓફશોર વિન્ડ' પરની AV ફિલ્મ રજૂ કરવામાં આવી હતી.આ મહત્ત્વપૂર્ણ ચર્ચા સત્રનું સંચાલન ડો. હંસ-પીટર (ઈગોર) વાલ્ડલ (કો-ઓનર & મેનેજિંગ ડાયરેક્ટર, ઓવરસ્પીડ GmbH & Co. KG) અને શ્રી શ્રીજિથ મેનન (વાઈસ પ્રેસિડેન્ટ & હેડ - ગ્રીન બિઝનેસ, Aban Power Ltd.) દ્વારા કરવામાં આવ્યું હતું.

પેનલ ડિસ્કસનમાં પવન ઊર્જાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ ભાગ લીધો હતો. સહભાગીઓમાં શ્રી જેસ્પર બેડીયા જેન્સેન (હેડ ઓફ સેક્રેટરીએટ, સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ઓફશોર વિન્ડ એન્ડ રિન્યુએબલ એનર્જી), શ્રી ફિલિપ જોસેફ ટ્રેમર (પ્રોજેક્ટ મેનેજર, જર્મન ઓફશોર વિન્ડ એનર્જી ફાઉન્ડેશન), ડો. રાજેશ કટિયાર (ડાયરેક્ટર જનરલ, નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વિન્ડ એનર્જી), શ્રી આદિત્ય પ્યાસી (સીઈઓ, IWTMA) અને શ્રી એસ.બી. પાટીલ (ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર, KP Green Energy Limited) સહિતના મહાનુભાવોનો સમાવેશ થતો હતો.

### પોર્ટલ પર ગુજરાતનાં ૨૨-લાખથી વધુ ગુનેગારોનો ફિંગર પ્રિન્ટ, ડેટા સામેલ

# એન.એ.એફ.આઈ.એસ.એસ.સિસ્ટમની મદદથી ગુજરાત પોલીસે ૯-મહીનામાં ૮૦ ગુનાનો ભેદ ખોલ્યો

(ગરવી તાકાત)ગાંધીનગર તા.૯

ગુજરાત પોલીસે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી સ્માર્ટ અને પ્રોફેશનલ પોલીસિંગની દિશામાં વધુ એક ડગલું ભર્યું છે. નેશનલ ઓટોમેટેડ ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ **(NAFIS)** નામક પોર્ટલનો ઉપયોગ કરીને ગુજરાત પોલીસે આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં ૮૦ જેટલા મહત્વના ગુનાઓના ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે, જે ગુજરાત પોલીસની ટેક-પોલીસિંગની દિશામાં વધુ એક સિધ્ધિ દર્શાવે છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું છે કે, આ પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ ગુના ઉકેલવાની પ્રક્રિયાને વધુ ઝડપી અને સચોટ બનાવશે. ગુજરાત પોલીસ સ્માર્ટર અને પ્રોફેશનલ પોલીસિંગ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે કટિબદ્ધ છે.



અલગ- અલગ ગંભીર ગુનાઓમાં ધરપકડ કરાયેલા ગુનેગારોના ફિંગરપ્રિન્ટ્સનો ડેટાબેઝ નેશનલ ઓટોમેટેડ ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ **(NAFIS)**માં સમાવવામાં આવ્યો છે, જેમાં રાષ્ટ્રીય સ્તરે અંદાજે ૧.૨૦ કરોડથી વધુ ગુનેગારોનો ડેટા સંગ્રહાયેલો છે. ગુજરાત પોલીસ પણ આ સિસ્ટમમાં સક્રિયપણે યોગદાન આપી રહી છે, જેમાં રાજ્યના ૨૨ લાખથી વધુ ગુનેગારોનો ડેટા સામેલ છે. **NAFIS** સિસ્ટમની કાર્યક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ તાજેતરમાં સામે આવ્યું છે, જેમાં અમદાવાદના એક ગુનાનો આરોપી મુંબઈથી માત્ર ૪૮ કલાકમાં ઝડપાયો હતો.

અમદાવાદના ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનની હદમાં નોંધાયેલા એક કેસમાં જ્યારે ઘટનાસ્થળેથી ફિંગરપ્રિન્ટ લેવામાં આવી અને તેને **NAFIS**માં અપલોડ કરવામાં આવી, ત્યારે તેનું મેચિંગ થતાં જ સીધો મેસેજ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયને મળ્યો. તુરંત જ, ગુજરાતના **DGP** વિકાસ સહાય દ્વારા મુંબઈ પોલીસ કમિશનરનો સંપર્ક કરવામાં આવ્યો અને આરોપી અંગેની વિગતો શેર કરવામાં આવી.

આ ઝડપી સંકલન અને કાર્યવાહીના પરિણામે, મુંબઈ પોલીસે માત્ર ૪૮ કલાકમાં આરોપીને શોધી કાઢ્યો અને તેને ગુજરાત પોલીસને સોંપ્યો હતો.

ગુજરાત પોલીસના આ ટેક-આધારિત અભિગમ આધારે આરોપી મુંબઈથી પકડાઈ ગયો ગયો. મુંબઈ પોલીસે આરોપીને ૪૮ કલાક શોધીને ગુજરાત પોલીસને સોંપી દેતા રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા મુંબઈ પોલીસની આ સમગ્ર ટીમને અભિનંદન પાઠવીને પ્રશંસાપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે.

### ઓપરેશન ગંગાજળ પણ સરકારી વિભાગોને 'પાપ' કરતા રોકી શકતું નથી

# ભ્રષ્ટાચારમાં નં.૧ સ્થાન જાળવી રાખતું ગૃહ વિભાગ : મહેસુલ બીજા ક્રમે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૯

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન હોવા છતા ભ્રષ્ટાચારને પુરી રીતે કાબુમાં લાવી શકાયો નથી પણ વાસ્તવમાં તે વધતો જતો હોવાનું ખુદ સરકારના જ આંકડા દર્શાવે છે. જો કે સરકારની ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી એન્ટી કરપ્શન બ્યુરો પુરી તાકાતથી કામ કરીને સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર સામે કામગીરી કરે છે.

તેના રિપોર્ટ મુજબ રાજયમાં ગૃહ મંત્રાલય અથવા ગૃહ વિભાગ એ સૌથી ભ્રષ્ટ છે. રાજયના કાનૂન વ્યવસ્થા માટે જવાબદાર તથા વિશાળ પોલીસ દળ ધરાવતા આ વિભાગની છાપ જાહેર જનતામાં સારી નથી તે તો સર્વે જાણે છે.

પોલીસનો ભ્રષ્ટાચાર રોડ પર પણ જોઈ શકાય છે તો બાદમાં સૌથી ભ્રષ્ટ સરકારી વિભાગોની યાદીમાં મહેસૂલ જે હ્લજમીન' સાથે જોડાયેલો વિભાગ છે તે તથા પોલીસ વિભાગની મીલી ભગત અનેક વખત સામે આવે છે તથા જમીન કૌભાંડોમાં પણ આ




**આમ લાંચના કેસમાં ૪૫% કર્મચારીઓ ગૃહ મંત્રાલયના જ છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર સામે ઓપરેશન ગંગાજળ શરૂ કરાયુ છે. જો કે રાજયમાં ઝડપાયેલા કેસ કરતા ભ્રષ્ટાચાર અનેક ગણો વધુ હોવાનું સામાન્ય લોકો માને છે.**

વિભાગના અધિકારીઓ સામેલ છે.

તેથી જ તે ભ્રષ્ટાચારમાં પોલીસ વિભાગની સ્પર્ધા પણ કરી શકે છે. પોલીસનો ભ્રષ્ટાચાર રૂ.૫૦-૧૦૦ના ટ્રાફિક નિયમોના પાલન નહી કરવાની શરૂ થાય છે પણ મહેસુલ વિભાગનો ભ્રષ્ટાચારનાં લાખો-કરોડોમાં હોય છે.

જયારે ત્રીજો સૌથી ભ્રષ્ટ વિભાગ શહેરી વિકાસ ડિપાર્ટમેન્ટ છે જે ટાઉન પ્લાનીંગને દુઝણી ગાય તરીકે જુએ તો શહેરી વિકાસમાં તગડો ભ્રષ્ટાચાર કરે છે અને સરકારનો ચોથો ભ્રષ્ટ વિભાગ પંચાયત છે તેનો પણ લોકોને રોજબરોજ અનુભવ થાય જ છે.

જો કે આ ચાર વિભાગ સિવાયના સરકારી વિભાગો ભ્રષ્ટ નથી તેવું નથી સૌ થોડા વધુ અંશે ભ્રષ્ટ છે અને વારંવાર આ વિભાગો તે સાબીત કરવાનું પણ ચૂકતા નથી.

હવે એન્ટીકરપ્શન બ્યુરોના આંકડા જૂન ૨૦૨૨થી મે ૨૦૨૨ સુધીના જુઓ તો તા.૨૨/૨૩ના આ સમયગાળામાં એસીબીના છટકામાં ૧૮૧ સરકારી અધિકારી-કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા હતા.

૨૩-૨૪ના આ સમયગાળામાં તે સંખ્યા વધી ૨૦૨ થઈ. ૨૪/૨૫માં તે ૨૦૦ની નોંધાઈ છે તો હવે લાખોનો પગાર લેતા કલાસ વનના ૧૦ સરકારી અધિકારીઓ જે ૨૦૨૨/૨૩માં લાંચ લેતા ઝડપાયા હતા તે ૨૦૨૪/૨૫માં વધીને ૧૩ થયો છે.

કલાસ-ટુના ૨૦૨૪/૨૫માં ૩૭ કલાસ-૩ના ૧૭૨ અને કલાસ-૪ના ૩ કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા છે. આમ કલાસ વન-ટુ-૩ કરતા કલાસ-૪ના કર્મચારીઓ વધુ પ્રમાણીક છે અથવા તેઓને હ્લતક' મળતી નથી.

સૌથી વધુ ભ્રષ્ટ ગૃહ વિભાગમાં ૨૦૨૨/૨૩માં અને ૨૦૨૪/૨૫માં ૮૮ અને ૨૦૨૩/૨૪માં ૧૦૩ કેસ લાંચ રૂશ્વતના નોંધાયા હતા. પંચાયતમાં ૨૦૨૪/૨૫માં ૨૦, મહેસુલી વિભાગના ૨૭ અને શહેરી વિકાસ વિભાગના ૧૧ અધિકારી કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા હતા.

આમ લાંચના કેસમાં ૪૫% કર્મચારીઓ ગૃહ મંત્રાલયના જ છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર સામે ઓપરેશન ગંગાજળ શરૂ કરાયુ છે. જો કે રાજયમાં ઝડપાયેલા કેસ કરતા ભ્રષ્ટાચાર અનેક ગણો વધુ હોવાનું સામાન્ય લોકો માને છે.

### રક્ષા યુનિવર્સીટી પહેલા ૧ નવેમ્બરથી પ્રારંભ

# ગુજરાતમાં પોલીસ ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે 'વિક એન્ડ' તાલીમ

અમદાવાદ તા.૯

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ ગુજરાત પોલીસ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન , ગુજરાત પોલીસ ભરતી બોર્ડ અને ગુજરાત સબઓર્ડીનેટ સર્વિસ સિલેક્શન બોર્ડ માં જોડાવા ઈચ્છુક ઉમેદવારો માટે એક ખાસ વ્યાપક સપ્તાહાંત તાલીમ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પહેલ ગુજરાતમાં ભાવિ કાયદા અમલીકરણ અને જાહેર સેવા કર્મચારીઓની તૈયારી અને વ્યાવસાયિક ક્ષમતા વધારવાની છછઅની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ વિશિષ્ટ કાર્યક્રમ એક મહિનાના સમયગાળા માટે દર શનિવારે ચલાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. તે ૧ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થશે અને ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે, જેમાં કુલ ચાર શનિવારનો સમાવેશ થાય છે.

આ તમામ સત્રો યુનિવર્સિટીના અત્યાધુનિક કેમ્પસમાં યોજાશે, જે ઉમેદવારોને શ્રેષ્ઠ શિક્ષણ વાતાવરણ પૂરું પાડશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સહભાગીઓની તૈયારી, શારીરિક કાર્યક્ષમતા અને એકંદર વ્યાવસાયિક ક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવાનો છે. આ લક્ષ્ય નિષ્ણાત પ્રશિક્ષકોની દેખરેખ હેઠળ, માળખાગત માર્ગદર્શન અને વ્યવહારુ સત્રોનો સમાવેશ કરતા કાળજીપૂર્વક રચાયેલા અભ્યાસક્રમ દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે.

વીકેન્ડ તાલીમ કાર્યક્રમ માટેનો અભ્યાસક્રમ વ્યાપક છે, જેમાં ઉપરોક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા છે. વિષયોમાં મુખ્યત્વે ભૂગોળ, ગણિત, તર્ક (રીઝનિંગ)નો સમાવેશ થાય છે.

આ સર્વાંગી અભિગમ શૈક્ષણિક જ્ઞાન અને વિવેચનાત્મક વિચારસરણી કૌશલ્ય બંનેને સંબોધીને ઉમેદવારોને સારી રીતે તૈયાર કરવાની ખાતરી આપે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓને સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ બનવા માટે જરૂરી આત્મવિશ્વાસ અને સાધનોથી સજ્જ કરવાનો છે. આ તાલીમ માટે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૫૦૦ ફી લેવામાં આવશે.

### કોર્પોરેશન - પંચાયત ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે ; જોડાણ નહિ થાય - હાઈકમાન્ડની સુચના

# પ્રદેશ નેતાગીરી સાથે બેઠકમાં સંગઠન નિમણુંકો વહેલી તકે કરવા તાકીદ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૮

ગુજરાતમાં નવા વર્ષનાં પ્રારંભીક મહિનાઓમાં યોજાનારી કોર્પોરેશન-પંચાયતો-સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં કોંગ્રેસ કોઈ ચૂંટણી જોડાણ નહિં કરે અને એકલા હાથે લડવાની તૈયારી રાખવા હાઈકમાન્ડ દ્વારા પ્રદેશ નેતાગીરીને સુચના આપવામાં આવી છે.

કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ગુજરાતનાં પ્રદેશ પ્રમુખ તથા અમિત ચાવડાને દિલ્હી તેડાવવામાં આવ્યા હતા. કે.સી.વેણુગોપાલ સહીતનાં નેતાઓ સાથે લાંબી બેઠક થઈ હતી. તેમાં સંગઠન મુદ્દાઓ ઉપરાંત આગામી ચૂંટણી રણનીતિની પણ ચર્ચા કરવામાં આવી હતી.

માહિતગાર સુત્રોએ કહ્યું કે આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કોઈ જોડાણ કરવાનું નથી અને એકલા હાથે જ લડવાની છે. એટલે તે મુજબની તૈયારી કરવા હાઈ કમાન્ડે સ્પષ્ટ સુચના આપી દીધી હતી.

રાજકીય સ્તરે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ-આપનું જોડાણ હતું પરંતુ પછી વિધાનસભા ચૂંટણીમાં અલગ થયા હતા.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં



ફરી જોડાણ કરશે કે કેમ તે વિશે અટકળો હતી.

પરંતુ હાઈકમાન્ડે આ વાત નકારીને એકલા હાથે જ ચૂંટણી લડવાની સુચના આપી દીધી હતી. આમ આદમી પાર્ટી (આપ)ના પ્રદેશ નેતાઓએ જોકે, અગાઉ જ જોડાણની વાત નકારી દીધી હતી. રાષ્ટ્રીય સ્તરે અને લોકલ કક્ષાએ રણનીતિ અલગ ઘડાતી હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને ૩-૪ મહિનાનો સમય છે તે પૂર્વે ભાજપ-કોંગ્રેસ જેવા પક્ષો સંગઠન પ્રક્રિયા પૂર્ણ કરવામાં વ્યસ્ત છે. કોંગ્રેસમાં પણ પ્રદેશ સંગઠનની રચના બાકી છે તે વિશે પણ ગઈકાલની બેઠકમાં ચર્ચા થઈ હતી. આ સિવાય તાલુકા સંગઠન તથા શહેર-જીલ્લા કારોબારીની વહેલીતકે રચના કરવા માટે પણ વાતચીત થઈ હતી.

ગુજરાતમાં કોંગ્રેસે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી જીતવાનો ટારગેટ રાખીને સંગઠન સૃજન અભિયાન હાથ ધર્યું છે.

તાલુકાથી માંડીને પ્રદેશ કક્ષા સુધી કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. સરકાર વિરોધી આંદોલન-કાર્યકરો વિશે પણ બેઠકમાં વાતચીત થઈ હતી. કોંગ્રેસનાં સિનિયર નેતાએ કહ્યું કે હવે દિવાળી બાદ સંગઠન તથા ચૂંટણી રણનીતિ તૈયારીને વેગ અપાશે.

# ઘરમાં રહેલી વસ્તુ ભજનમાં વિઘ્ન કરતી નથી, પણ મનમાં રહેલી વસ્તુ વિઘ્ન કરે છે

ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાનની સાત ભૂમિકાઓ યોગ વશિષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છે:૧.શુભેચ્છા,૨. સુવિચારણા, ૩. તનુ માનસા,૪. સત્ત્વાપત્તિ,૫.અસંસક્તિ,૬.પદાર્થ ભાવિની,૭.તુર્યગા.૧. શુભેચ્છા ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગ દર્શન પ્રમાણે આત્માનોસાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા ૨.સુવિચારણા:સદગુરુએ ઉપદેશ કરેલાં વચનોનો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા. ૩.તનુમાનસા શ્રવણ,મનનએ નિદિધ્યાસનથી શબ્દાદિવિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે બુદ્ધિની તનુતા-સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. ૪.સત્ત્વાપત્તિ:ઉપરના ત્રણથી સાક્ષાત્કાર પર્યંતની સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વાપત્તિ.જ્ઞાનની ચોથી ભૂમિકા વાળો પુરુષ બ્રહ્મવિત્ કહેવાયછે. ૫.અસંસક્તિ:ચિત્ત વિશેપરમાનંદ અને નિત્યાપરોક્ષ એવી બ્રહ્માત્મ ભાવનાનો સાક્ષા ત્કાર તે અસંસક્તિ.એમાંઅવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ.૬.પદાર્થ ભાવિની પદાર્થોની દૃઢ અપ્રતીતિ થાય છે તે.૭.તુર્યગા:ત્રણ અવસ્થાથી મુક્ત, બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા.

આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે.બાકીની ચાર જ્ઞાન કોટિની છે.ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો,જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે,અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે.ઋષભ દેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો.બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા.

ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગ્નિમાં સમજપૂર્વક પ્રવેશકર્યો દેહ બળે છે,આત્માને કંઈ થતું હોય નથી.આવી આત્મનિષ્ઠાએ પરમ હંસો માટે છે.ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી.

ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા.જેના નામ પરથી આ દેશનું નામ ભરતખંડ પડયું છે.ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે. તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવતભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો.

ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી.ભરતજી મહાવૈષ્ણવ હતા,તો પણ યજ્ઞ કરતા હતા. અગ્નિ તો ઠાકોરજીનું મુખ છે.ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય



શ્રીકૃષ્ણના ચરણમાં અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભુને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી.ઈશ્વરની સાથે ખૂબ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્યપરમાત્મા ને અર્પણ કરી શકો.પત્ની મહેનત વધુ કરે છે પણ તેનું ફળ આપે છે પતિને, તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભુને સમર્પે છે.સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે. સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી.ભરત નિષ્કામ ભાવથી કર્મ કરતાં અને તેનું પુણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા.

ભરતજી હરેક સત્કર્મની સમાપ્તિ વખતે બોલતા કે,આ કર્મથી મારા પ્રભુ પરમેશ્વર પ્રસન્ન થાઓ.આ કર્મની સાથે કાંઈ લેવાદેવા નથી.

એક દિવસ ભરતજીને જુવાનીમાં વૈરાગ્ય થયો.જુવાનીમાં વૈરાગ્ય આવે તે જ સાચો.ભક્તિ જુવાની માં જ થાય.વૃદ્ધાવસ્થામાંશરીરમાં શક્તિ ન હોય ત્યારે તમે ભક્તિ કરી શકશો નહીં.તપશ્ચર્યા યૌવન માં થાય તે ખરી.શરીર દુર્બળ થયું પછી બ્રહ્મચર્ય પાળે તો કોઈ અર્થ નથી રામચંદ્રજી યુવાનીમાં વનમાં ગયા છે.વનવાસ વખતે રામજીની ઉંમર ૨૭ વર્ષની અને સીતાજી ૧૮ વર્ષનાં હતાં.રામજીએ યુવાની માં રાવણને માર્યો.તમે પણ યુવાનીમાં રાવણને,કામને મારો.

વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે. જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થનથી.જુવાનીમાં સંપત્તિ છે,સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય. વૈષ્ણવ,સુખસંપત્તિ, સ્ત્રીપુત્રાદિક આ બધું છે.પરંતુ આંખ બંધ થાય ત્યારે આમાંનું કાંઈ નથી જન્મ પહેલાં જીવનાં કોઈ સગાં ન હતાં અને મૃત્યુ પછી કોઈ સગાં રહેવાના નથી. પ્રારંભમાં અને પરિણામમાં કોઈ નથી.આ વચ્ચે માયા ભરમાવે છે.

ભરતજી હજી તો યુવાન છે.ત્યાં તેમને થયું કે સંસારનું સુખ મેં ઘણું ભોગવ્યું.હવે વિવેકથી તેનો ત્યાગ કરીશ.વિષયો જબરજસ્તી થી છોડવા પડે તો દુ:ખ થાય છે. બુદ્ધિપૂર્વક વિષયનો ત્યાગ કરો તો તે શાંતિ આપે છે.વિષયો આપણને છોડીને જાય તો તે અશાંતિ આપે છે.વિષયોને આપણે છોડીએ તો શાંતિ મળેછે છ વસ્તુઓમાં પરમાત્માએ માયા રાખીછે.આ છ વસ્તુમાં મનફસાય છે:૧.ભોજનમાં,૨.દ્રવ્યમાં ૩.કપડાંમાં ૪. સ્ત્રીમાં,૫.ઘરમાં, ૬. પુસ્તકમાં. છેલ્લાં બે ગૌણ છે. પહેલાં ચાર પ્રધાન છે.આમાં સ્ત્રી ની નિંદા નથી,કામસુખની નિંદાછે.

ઈશ્વરની માયા વિચિત્ર છે.ભરત મુનિએ રાજય છોડ્યું, રાણીઓ છોડી,સર્વસ્વનો ત્યાગ કર્યો અને વનમાં આવ્યા.ત્યાં વનમાં હરણ ઉપર સ્નેહ થયો.હરણબાળ ઉપરની આસક્તિથી તેમના ભજનમાં ભંગ થયો અને તેમને મૃગયોનિમાં જન્મ લેવો પડયો. જગતના કોઈ પદાર્થમાં એટલો સ્નેહ ન કરવો કે,જે સ્નેહ તમારી પ્રભુભક્તિમાં વિઘ્ન કરે.માટે ઘર માં કોઈને પણ રાખજો,પણ મન માં કોઈને રાખશો નહીં. કોઈને રાખશો તો તે પ્રભુ ભજનમાં વિઘ્ન કરશે.

ભરતમુનિના મનમાં હરણ માટે આસક્તિ થઈ અને તે તેના પુનર્જન્મનું કારણ બની.સંકલ્પ એટલે કે વાસના પુનર્જન્મનું કારણ બને છે. મનમાં વસ્તુ પ્રવેશે એટલે મનમોહન ત્યાંથી નાસી જાય છે.શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા કે, સંસારમાં નાવની જેમ રહેવું જોઈએ. નાવ પાણી ઉપર રહે તો તે તરે છે.જો પાણીનાવમાં આવે તો નાવ ડૂબી જાય.તે પ્રમાણે તમે સંસારમાં રહો,પણ સંસાર તમારામાં ન રહેવોજોઈએ એટલે કે નિર્લેપપણે સંસારમાં રહો. આ સંસાર એ નાવડી છે, સંસારએ સમુદ્ર છે. વિષયોએ જળરૂપ છે.વિષયોનું ચિંતન કરવાથી નાવમાં ગાબડું પડે છે.

મમતા બંધન કરે છે. બંધન મનને છે.મન મરે તો મુક્તિ મળે.આત્મા ને બંધન નથી.આત્મા તો સદા મુક્ત જ છે.પ્રતિકૂળ સંજોગોમાં પણ ભજન કેવી રીતે કરવું તે પ્રહલાદે જગતને બતાવ્યું અને અનુકૂળ સંજોગોમાં પણ જો મનુષ્ય સાવધ ન રહે, તો તેનાથી ભજન કરી શકાતુંનથી એ ભરત ચરિત્રાથી જાણવા મળે છે.ઘરમાં રહેલી વસ્તુ ભજનમાં વિઘ્ન કરતી નથી, પણ મનમાં રહેલી વસ્તુ વિઘ્ન કરે છે.ઘર છોડીને ગયેલા મહાત્માઓને માયા કેવી રીતે પજવે છે તેની આ કથા છે. ભરતજી ગંડકી નદીના કિનારે આદિનારાયણ ભગવાનની આરાધના કરે છે.ગંડકીને શાલિ ગ્રામી પણ કહે છે.ઈશ્વર વિના બીજા કોઈનો સાથ હશેતો ઈશ્વર ભજનમાં વિક્ષેપ કરશે.જેને તપ કરવું છે તે એકલો તપ કરે પણ હું એકલો નથી. મારા ભગવાન મારી સાથે છે એવો દૃઢ વિશ્વાસ રાખે. ઈશ્વર સિવાય બીજાનો સાથ રાખશો તો દુ:ખી થશો.ભરતજી એકલા તપ કરવા ગયા.રોજ ભરતજી મુહૂર્તમાં સ્નાન કરે છે. કેડપુર જળમાંઊભા રહી સૂર્ય નારાયણનું ધ્યાન કરે છે,અને ગાયત્રી મંત્રનો જપ કરે છે.

સમસ્ત સ્થાવર-જંગમનો આત્મા સૂર્ય છે.સૂર્યનારાયણની કૃપાથી બુદ્ધિ સુધરે છે.માટે સૂર્યનારાયણ ની ઉપાસના કરવી જોઈએ. આપણે સર્વ સૂર્યનારાયણના ઋણમાં છીએ.સૂર્યનારાયણ સમસ્ત જગતને પ્રકાશ આપે છે, પણ તે વીજળી કંપની માફક બિલ મોકલતા નથી. સૂર્યભગવાન રવિવારે પણ રજા લેતા નથી. જે દિવસે તે રજા લેશે, તે દિવસ જગતનો પ્રલય થશે.સૂર્ય પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. એક દિવસ મનુષ્યો અને કાગડા ઓમાં ઝઘડો થયો. કાગડો કહે, તમારામાં બુદ્ધિ વધારે છે,પણ તમારા કરતાં એક ગુણ અમારામાં વધારે છે.અમે સૂર્યોદય પહેલાં ઊઠીએ છીએ.આમ કાગડો મનુષ્ય કરતાં શ્રેષ્ઠ સાબિત થયો.સૂર્ય ઊગતાં પહેલાં સ્નાન કરી સૂર્યનારાયણને અર્ધ્યદાન કરો.

ઈશ્વરની મર્યાદા સૂર્ય-ચંદ્ર-સમુદ્ર છોડતા નથી,તો મનુષ્ય કેમ છોડી શકે?મનુષ્યને પ્રભુએ ઘણી સુખ સમૃદ્ધિ આપી છે.

વનમાં ભરતજી દ્વારિકાધીશની માનસી સેવા કરે છે.પહેલા પ્રત્યક્ષ સેવા કરેલી એટલે હવે માનસી સેવા કરે છે. માનસી સેવા સહેલી નથી. શરીરથી વધારે પાપ થતું નથી. વધારે પાપ થાય એ મનથી એટલે માનસી ધ્યાન, માનસી સેવા શ્રેષ્ઠ છે.મનથી ઈશ્વરમાં તન્મય થવું તે માનસી સેવા.

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) - ઉત્તર ગુજરાત :શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે સુમેળ સાધવા માટે બે પેનલની રસપ્રદ ચર્ચાઓ યોજાઇ

# પેનલમાં ગુજરાતના સેમિકન્ડક્ટર ટેલેન્ટ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેની વ્યૂહરચનાઓની ચર્ચાઓ કરવામાં આવી

## ઉદ્યોગની અપેક્ષાઓ, કૌશલ્ય, અભ્યાસક્રમ આધુનિકીકરણ અને અદ્યતન ઉત્પાદન કૌશલ્ય જેવા વિષયો પર મજબૂત વિચારો સાથે વિષય તજજ્ઞો દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ, મહેસાણામાં મહત્વના સેમિકન્ડક્ટર વર્કફોર્સ ડેવલપમેન્ટ સત્રનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં ગુજરાતે વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ દરમ્યાન સેમિકન્ડક્ટર વર્કફોર્સને વેગ આપવા માટે **"From Vision to Velocity"** થીમ લોન્ચ કરવામાં આવી છે.

ગુજરાતની સેમિકન્ડક્ટર ક્ષેત્રની પ્રતિભા માટે ઉદ્યોગ અને શિક્ષણનો સુમેળ મહેસાણા, વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં કેન્દ્ર સ્થાને રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યના મહેસાણા ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ ઉત્તર ગુજરાતની ગણપત યુનિવર્સિટી ખાતે યોજાઈ રહ્યો છે, ત્યારે આજે તારીખ ૯ ઓક્ટોબરના રોજ એક મહત્ત્વપૂર્ણ વર્કફોર્સ ડેવલપમેન્ટ સેશનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રની થીમ ×દ્રષ્ટિ થી વેગ તરફ સેમિકન્ડક્ટર ચીપ માટે કાર્ય બળ વિકાસ× હતી, જેમાં ગુજરાતના વિકાસ પામતા સેમિકન્ડક્ટર ઉદ્યોગને ટેકો આપવા માટે રાજ્યની ટેલેન્ટ ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે વ્યૂહાત્મક રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ કૉન્ફરન્સ સેમિકન્ડક્ટર, મેન્યુફેક્ચરિંગ અને ડિઝાઈન માટે વૈશ્વિક હબ તરીકે પોતાને સ્થાપિત કરવાના ગુજરાતના મક્કમ સંકલ્પને





રેખાંકિત કર્યો છે. આ સભામાં અગ્રગણ્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ગ્રીટના સીઈઓ શ્રીમતી એસ. અપર્ણાએ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમમાં રાજ્યની અગ્રેસર ભૂમિકા પર ભાર મૂક્યો હતો, સાથે જ તેમણે ગુજરાતની સેમિકન્ડક્ટર પ્રતિભા પ્રબળ બનાવવા વધુ સારામાં સારી શિક્ષણ પદ્ધતિ પર ભાર મૂક્યો હતો.

ઉલ્લેખનીય છે કે ,ભારતના રેલવે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે મુખ્ય કાર્યક્રમ અંતર્ગત સંબોધન કરતા આ મહત્ત્વપૂર્ણ સેક્ટરમાં કુશળ ટેલેન્ટની રાષ્ટ્રીય આવશ્યકતા પર પણ પ્રકાશ પાડ્યો હતો.

આ ઉપરાંત ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સેક્રેટરી શ્રીમતી પી ભારતી, ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રોનિક્સ મિશનના ડિરેક્ટર શ્રીમતી નેહા કુમારી, ભારતીય સેમિકન્ડક્ટર મિશન **(ISM)**ના ડિરેક્ટર શ્રી મનીષ હુડા, ગતિ શક્તિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) મનોજ ચૌધરીએ પણ વિવિધ પ્રેઝન્ટેશન દ્વારા આ વિષય અંતર્ગત પોતાના વિચારો રજૂ કર્યા હતા.

શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે સુમેળ સાધવા માટે બે પેનલની રસપ્રદ ચર્ચાઓ યોજાઈ હતી. પ્રથમ પેનલ **"Building Guja®a's Semiconductor Talent Pipeline"**, શ્રી નિલેશ રાણપુરા ડિરેક્ટર **ASIC, einfochips** દ્વારા સંચાલિત કરવામાં આવી હતી. જેમાં અગ્રણી સંસ્થાઓ અને કંપનીઓના નિષ્ણાતોએ ગુજરાતના સેમિકન્ડક્ટર ટેલેન્ટ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેની વ્યૂહરચનાઓની ચર્ચા કરી ઉદ્યોગની અપેક્ષાઓ, કૌશલ્ય અંતર, અભ્યાસક્રમ આધુનિકીકરણ અને અદ્યતન ઉત્પાદન કૌશલ્ય જેવા વિષયો પર મજબૂત વિચારો સાથે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

આ પેનલ ચર્ચામાં ડૉ. એસ. એસ. મનોહરન, **DG, PDEU,** પ્રો. નિહાર મહાપાત્રા, **IIT** ગાંધીનગર, શ્રી શાહબાઝ સૈયદ, **Head TA,** માઈક્રોન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ઈન્ડિયા, ડૉ. રાજગોપાલન પાંડે, આસિસ્ટન્ટ પ્રોફેસર, **NAMTECH,** ડૉ. કમલજીત સિંઘ, ડાયરેક્ટર જનરલ, **SCL** સહભાગી બન્યા હતા.

આ મહત્વપૂર્ણ સત્રમાં **IIT** ગાંધીનગરના ડિરેક્ટર પ્રો. રજત મૂનાએ પોતાના વકતવ્યની રજૂઆત બાદ **MoU**નું આદાનપ્રદાન કર્યું હતું. આ સૈમાં ગુજરાત સરકારના સમર્થ પ્રોજેક્ટ માટે **IIT** ગાંધીનગર સાથે મળી દિગંતરા તેમની નવી સુવિધા માટે, ગતિશક્તિ યુનિવર્સિટી અને બેંક વગેરે સાથેની ભાગીદારીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કાર્યબળ વિકાસ માટે સ્હાલ૯ અને નિરમા યુનિવર્સિટી વચ્ચે ભાગીદારીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

બીજા સત્રમાં **PDEU** ના એસોસિયેટ પ્રોફેસર ડૉ. અનુરાગ કાંડયા દ્વારા સંચાલિત અંતિમ કાર્યક્રમ **Collabo®aion for innovation"** માં શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે કાર્યક્ષમ સહયોગને સરળ બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી.

પેનલિસ્ટોએ આંતરરાષ્ટ્રીય સહયોગ, સંયુક્ત સંશોધન અને વિકાસ, અદ્યતન પેકેજિંગ કૌશલ્ય અને ફેબ વર્કફોર્સ માટે પહેલ પર આંતરદૃષ્ટિ શેર કરી, એક ઈન્ટરેક્ટિવ પ્રશ્ન અને જવાબ સત્ર પણ યોજ્યું હતું.જેમાં માત્સુનો-સાન. **JICA** માર્મિક ભટ્ટ સીઈઓ, મોક્૯, શ્રી મોન્ટુ માકડિયા, સિનિયર એડવાઈઝર, **SFAL,**ડૉ. વસી-ઉદ્દીન, આર એન્ડ ડી હેડ, કેન્સ, શેતલ મહેતા, ડિરેક્ટર, સુધી સેમિકોન તથા પ્રો. અમિતાભ જૈન, પ્રેક્ટિસના પ્રોફેસર,( **TEPL)**એ ભાગ લીધો હતો.

## વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ-ઉત્તર ગુજરાત

### વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ અંતર્ગત UDD દ્વારા પ્રાદેશિક વૃદ્ધિ અને વિકાસનું રૂપાંતરણ અંગે સેમિનાર યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

મહેસાણા જિલ્લાની ગણપત યુનિવર્સિટી ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત શહેરી વિકાસ વિભાગ **(Urban Development Department - UDD)** દ્વારા ''પ્રાદેશિક વૃદ્ધિ અને વિકાસનું રૂપાંતરણ'' વિષય પર સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં **GIDR** ના ભૂતપૂર્વ નિયામકશ્રી પાર્થસારથી રેંગરાજને જણાવ્યુ હતું કે શહેરી વિકાસ એટલે માત્ર ઈમારતોનું નિર્માણ નહીં, પરંતુ માનવ કેન્દ્રિત પરિવર્તન અને સંતુલિત વિકાસની દિશામાં સહિયારો પ્રયાસ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માત્ર ઔદ્યોગિક વૃદ્ધિ પૂરતી સીમિત નથી, પરંતુ શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે સંતુલિત વિકાસ દ્વારા સમાન તકો ઊભી કરવાનો રાજ્ય સરકારનો પ્રયાસ છે.

તેમણે જણાવ્યું કે, પ્રાદેશિક વૃદ્ધિ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈકોનોમિક ઝોન, સ્કિલ ડેવલપમેન્ટ તથા ટેકનોલોજીકલ ઈનોવેશન વચ્ચે સંકલન અનિવાર્ય છે. શહેરી વિકાસની દિશામાં ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈ-ગવર્નન્સ અને નાગરિક સહભાગિતાનો સમન્વય





જરૂરી છે.

આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વિવિધ સ્પીકર દ્વારા શહેરી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા, સ્માર્ટ સિટી યોજના, ગ્રીન એનર્જી ઉપયોગ અને ટેકનોલોજી આધારિત સેવા સુધારણા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરાયેલ કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું તેમજ મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશન અને દ્રૈંછ (દિલ્હી) વચ્ચે જળચર મેનેજમેન્ટ ૨.૦ માટે **MoU** પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી જે. એન. વાઘેલા, **ACT** સ્થાપક ડૉ. યોગેશ જાડેજા, **CEPT** પ્રોફેસર ડૉ. મોના આયર, ઉદ્યોગસાહસિકો, શહેરી આયોજન નિષ્ણાંતો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સ - મહેસાણા પહેલો દિવસ

★ વન ટુ વન બેઠકોના ઉપક્રમમાં જાપાનના રાજદૂત શ્રીયુત ઓનો કેઈચીની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત

★ જાપાનના ઉદ્યોગોને ગુજરાત સરકાર દ્વારા મળી રહેલા સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો

★ જાપાન વાઇબ્રન્ટ સમિટની શરૂઆતથી જ સહભાગી રહ્યું છે અને રિજનલ કોન્ફરન્સમાં પણ ઉપસ્થિતિથી સંબંધોનો સેતુ સુદ્રઢ થયો છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

★ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શરૂ થયેલી પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પહેલા દિવસે જાપાનના રાજદૂત શ્રીયુત ઓનો કેઈચીએ મુખ્યમંત્રી સાથે ઉષ્માપૂર્ણ વન ટુ વન બેઠક યોજી હતી.

★ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાપાન વાઇબ્રન્ટ સમિટની પ્રથમ એડિશનથી જ સહયોગી રહ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતા આ રિજનલ કોન્ફરન્સમાં પણ જાપાનની ઉપસ્થિતિથી ગુજરાત-જાપાન સંબંધોનો સેતુ સુદ્રઢ થયો છે, તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો.

★ જાપાનના રાજદૂતે પણ ગુજરાતમાં કાર્યરત જાપાનીઝ ઉદ્યોગોને રાજ્ય સરકાર દ્વારા મળી રહેલા સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

★ મુખ્યમંત્રી સાથેની આ વન ટુ વન બેઠકમાં તેમણે ખાસ કરીને સેમિકન્ડક્ટર, ઓટોમોટીવ, કટીંગ એજટેકનોલોજી અને રીન્યુએબલ એનર્જી તથા જાપાન ગુજરાત પીપલ ટુ પીપલ કનેક્ટ માટે પરસ્પરના સહકારની સહરાના કરી હતી.

★ જાપાનીઝ કંપનીઓ ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇકો સિસ્ટમથી આકર્ષિત થઈને પોતાના પ્લાન્ટ શરૂ કરવા આગળ આવી રહી છે, તે માટે મુખ્યમંત્રી એ પણ આભાર પ્રગટ કર્યો હતો અને વધુ સહયોગ આપવાની તત્પરતા દર્શાવી હતી.

★ જાપાન રાજદૂતે ધોલેરામાં સેમીકોન ઇન્ડસ્ટ્રી સહિતના ઉદ્યોગો માટે જરૂરી સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ત્વરાએ કાર્યરત થાય તે માટે આ બેઠકમાં વિચાર વિમર્શ કર્યો હતો.

★ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હોસ્પિટલ , સ્કૂલ, લોજિસ્ટિક અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા પાવર પ્રોજેક્ટ જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ તેમને જણાવ્યું હતું.

★ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતમાં કુશળ માનવબળ મળી રહે તે માટે લૈંઝછના સહયોગથી ગુજરાત સેમિકન્ડક્ટર મિશન અન્વયે ટ્રેનિંગની વ્યવસ્થાઓ જાપાને વિકસાવી છે તેની ભૂમિકા જાપાન રાજદૂતએ આપી હતી

★ મુખ્યમંત્રીએ પણ ગુજરાતમાં અન્ય ઉદ્યોગો, PDEU વગેરેએ આવી સ્કીલ ડેવલોપમેન્ટ વ્યવસ્થાઓ શરૂ કરી છે તેમ જણાવ્યું હતું.

★ જાપાનના ઉદ્યોગોને તેમના ઉદ્યોગો શરૂ કરવા માટે જમીન ફાળવણી માટેની પ્રક્રિયા પણ રાજ્ય સરકારે ઝડપી બનાવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જાપાન રાજદૂત સાથેની વાતચીતમાં જણાવ્યું હતું

★ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે જાપાન રાજદૂતની આ વન ટુ વન બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે દાસ, ઉદ્યોગ અગ્ર સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ વગેરે પણ જોડાયા હતા.


## કાંકરેજ તાલુકા પ્રાથમિક શિક્ષક સરાફી અને ગ્રાહક સહકારી મંડળી.લી થરા તા.કાંકરેજ

રજી.નં.સે./૨૫૭૧૩.રજી. તા ૧૧/૮/૧૯૯૨

● મંડળીની કામગીરી ●

(૧) ત્વરિત સભાસદ અને ધિરાણ સગવડ.
(૨) તમામ વહીવટ બેંક ખાતા થી થાય છે રોકડ વ્યવહાર કરવામાં આવતો નથી.
(૩) બચત અને થાપણ પર આકર્ષક વ્યાજ દર.
(૪) દર વર્ષે નિમિયત ડીવીન્ડર અને બોનસ ની સગવડ.
(૫) દરેક સભાસદ નો ૭ લાખ અકસ્માત નો વીમો.
(૬) કુદરતી મૃત્યુ પર સભાસદ ને એક લાખ ની મૃત્યુ સહાય.

લિ. : ચેરમેન/મંત્રી. તમામ કારોબારી સભ્યો

કાંકરેજ તાલુકા પ્રાથમિક શિક્ષક સારાફી સંઘઅને ગ્રાહક સહકારી મંડળી લી. થરા


## સંક્ષિપ્ત સમાચાર

### યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ''આત્મનિર્ભર ભારત સપ્તાહ''ની ઉજવણી




(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૯

ઈડર સ્થિત યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, જે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના પ્રતિમાન કેન્દ્ર તરીકે કાર્યરત છે, તેમાં ''આત્મનિર્ભર ભારત સપ્તાહ''ની ઉજવણી ઉત્સાહપૂર્વક યોજાઈ હતી.

શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા દર વર્ષે ૨૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન ''આત્મનિર્ભર ભારત સપ્તાહ'' ઉજવવામાં આવે છે, જેના મુખ્ય હેતુ તરીકે વિદ્યાર્થીઓમાં સ્વાવલંબન, સર્જનાત્મકતા અને કૌશલ્ય વિકાસનો ઉદ્દેશ્ય રહેલો છે.

આ અવસરે યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે વિવિધ કૌશલ્યોના વિકાસ માટે વિશેષ તાલીમ આપવામાં આવી હતી. જેમાં ઈયર રિંગ મેકિંગ, દિવા ડેકોરેશન તથા સ્ટોન આર્ટ જેવી હસ્તકલા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને સ્વરોજગારની ભાવના વિકસે તેવો હેતુ રાખવામાં આવ્યો હતો.

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દર વર્ષે આ અભિયાનમાં સક્રિયપણે જોડાઈને વિદ્યાર્થીઓને ''શિક્ષણથી આત્મનિર્ભરતા''ના માર્ગે પ્રેરિત કરે છે.

આ તાલીમમાં નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલપમેન્ટ સંસ્થાનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### ગગન યાત્રી સુભાંશુ શુક્લાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી



(ગરવી તાકાત) મહેસાણા તા.૦૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ગગનયાત્રી અને ભારતીય વાયુ સેનાના ગ્રુપ કેપ્ટન સુભાંશુ શુક્લાએ લીધી હતી.

ઉત્તર ગુજરાત રિજનની મહેસાણા જિલ્લાના ખેરવામાં ગણપત યુનિવર્સિટી પરિસરમાં યોજાઇ રહેલી પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રથમ દિવસે સહભાગી થવા આવેલા શ્રી સુભાંશુ શુક્લા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પ્રત્યક્ષ મળ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી સુભાંશુ શુક્લાને તેમની ગગન યાત્રાની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા

### વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત ખેતરથી વિદેશી બજાર સુધી- ગુજરાતની કૃષિ નિકાસ મૂલ્યસાંકળોને મજબૂત બનાવવાની દિશામાં કૃષિ વિભાગનો સેમિનાર યોજાયો

(ગરવી તાકત) મહેસાણા તા.૦૯

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કૃષિ વિભાગ દ્વારા ''ખેતરથી વિદેશી બજાર સુધી- કૃષિ નિકાસ મૂલ્યસાંકળોને મજબૂત બનાવવા' વિષય પર વિશિષ્ટ ચર્ચાસત્રનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ સત્રનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના ખેડૂતોને વૈશ્વિક બજારો સાથે સીધી રીતે જોડવાનો અને કૃષિ ઉત્પાદનના નિકાસ મૂલ્યસાંકળને મજબૂત બનાવી ખેડૂતોને વધુ આવકના અવસર પૂરા પાડવાનો હતો.

આ સેમિનારમાં વિવિધ મહાનુભાવો દ્વારા વિષય અનુરૂપ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કૃષિ ઉત્પાદનોના પ્રોસેસિંગ, પેકેજિંગ અને ગુણવત્તા સુધારણા માટે નવીન ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકી એગ્રીકલ્ચરલ એક્સપોર્ટ ઝોન અને ફાર્મ-ટુ-પોર્ટ મોડલની ચર્ચા કરી હતી. આ સાથે કૃષિ ઉત્પાદન માટે માર્કેટ લિંકેજ, ઈ-નિકાસ પોર્ટલ અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ચર્ચા કરી હતી.

'ગુજરાતના ખેડૂતોમાં નવી ટેકનોલોજી અને વૈશ્વિક માર્કેટ માટેની સમજ વધે તેવી પ્રાથમિકતા સાથે ખેતરથી વિદેશી બજાર સુધીની સાંકડો મજબૂત બનાવી ખેડૂતોની આવકમાં ખરા અર્થમાં વૃદ્ધિ કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત આ કાર્યક્રમ કૃષિ ક્ષેત્રમાં મૂલ્યવર્ધન, ગુણવત્તા સુધારણા અને વૈશ્વિક સ્તરે ગુજરાતના ઉત્પાદનોની પ્રતિષ્ઠા વધારવા માટે મહત્વપૂર્ણ બની રહ્યો છે.

આ કાર્યક્રમમાં વાણિજ્ય વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, નવી દિલ્હીના અધિક સચિવશ્રી અજય ભાદુ, છછેં વાઈસ ચાન્સેલર શ્રી કે. બી. કથિરીયા, **APEDA** અધ્યક્ષશ્રી અભિષેક દેવ, ફણીધર ગ્રુપ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કૃણાલ પટેલ, કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, કૃષિ ઉત્પાદન બજાર સમિતિ **(APMC)**ના પ્રતિનિધિશ્રીઓ અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

Volume : 11 Issue : 177 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002